## નગર આયોજન અને મૂલ્યાંકન ખાતું

મુખ્ય નગર નિયોજકની કચેરી

ગુજરાત રાજ્ય

સેક્ટર-૧૦/એ, રોડ નં. ૩, ગાંધીનગર-૩૮૨૦૧૦

પત્ર ક્રમાંક: દ.ગુ./સુરત/૪૧(૧)/નરયો નં. ૯૪ (મો.વ.)/ ૪૪૯      તા.૧૪ /૦૨/૨૦૨૪

Jami

D.M.C 14.02.2024

મધ્યસ્થ કચેરી
19 FEB 2024
ક્રમ નંબર ....JJ/45410....

પ્રતિ,
મ્યુનિસિપલ કમિશ્નરશ્રી
સુરત મહાનગરપાલિકા
સુરત

T P

વિષય:- સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૯૪ (મોટા વરાછા) તૈયાર કરવાના કામે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ ની કલમ ૪૧ ની પેટા કલમ (૧) હેઠળ પરામર્શ આપવા બાબત.

3)/(D)/(P)/(PP)/(R)/
/DE Shri/S.O. Shri

સંદર્ભ:- આપશ્રી ના તા.૦૭/૧૧/૨૦૨૩ ના પત્ર નં. ટીપીડી/ આ/૩૩૨૯

ઈનવર્ડ નં.....2493.....
ટી.પી.ડી. ડે. કમિ.શ્રી
તારીખ....22/02/2024....

J2
21-02-2024
DE

Assm
Amit

મહોદયાશ્રી,

ઉપરોક્ત વિષયાન્વયે આપશ્રી ધ્વારા સંદર્ભ હેઠળના પત્રથી સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૯૪ (મોટા વરાછા) પરત્વે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ ની કલમ-૪૧(૧) હેઠળ અનુમોદન મેળવવા દરખાસ્ત પાઠવેલ છે. જે અન્વયે નીચેની શરતોને આધીન હદ વિસ્તારને પરામર્શ આપવામાં આવે છે.

૧. મંજુર મુ.ન.ર.યો. નં. ૨૫ (મોટા વરાછા) નું સાહિત્ય ધ્યાને લેતા મોજે. મોટા વરાછાના રે.સ.નં. ૩૫૯ તથા ૩૫૭ નો સંપૂર્ણ સમાવેશ મુ.ન.ર.યો. નં. ૨૫ (મોટા વરાછા) માં થયેલ જણાય છે. ઇન્ડેક્ષ પ્લાન તથા વિકાસ યોજનાના વિભાગીય નક્શામાં રે.સ.નં. ૩૮૭ ને રે.સ.નં. ૩૭૪ ની દક્ષિણે દર્શાવેલ છે. જ્યારે વિલેજ મેપ તથા ડી.આઇ.એલ.આર.શ્રીની માપણી શીટ વાળા નક્શામાં અનુક્રમે ૩૫૭ તથા ૩૫૯/પૈકી દર્શાવેલ છે. સદર વિસંગતતા બાબતે અધિકૃત સાહિત્ય અને સ્થળસ્થિતિ ચકાસી સદર સર્વે નંબરનો પૈકી ભાગ આ યોજનામાં સમાવેશ કરવા બાબતે ખરાઇ કરી યોજનાનો ઇરાદો જાહેર કરવાનો રહેશે.

૨. સુચિત નગર રચના યોજનામાં આવતા હયાત તળાવ તેમજ જળપ્રવાહોને યથાવત જાળવવાનાં રહેશે તેમજ તેના મુળખંડમાં જ અંતિમખંડ ફાળવવાનો રહેશે.

૩. સુચિત નગર રચના યોજનામાંથી પસાર થતા વિકાસ યોજનાના રસ્તા તેમજ વર્ગીકૃત રસ્તાઓ યથાવત જાળવવાના રહેશે.

૪. સુચિત યોજનાને લાગુમાં આવેલ વિકાસ યોજનાના રસ્તાઓની રસ્તારેષાની અધિકૃત પુરાવાઓ સાથે ચોકસાઇ પુર્વક ચકાસણી કરી તેની સાતત્યતા જળવાઇ રહે તે મુજબ આયોજન કરવાનું રહેશે તેમજ સદર યોજનામાં સમાવેશ થતા રે.સર્વે નંબરોનું રી-સર્વે થઇ પ્રમોલગેશન થયેલ હોયતો તે વિગત ધ્યાને લેવાની રહેશે.

૫. વિકાસ યોજનાના જે તે ઝોનમાં સમાવિષ્ટ મુળખંડને તે જ ઝોનમાં અંતિમખંડ ફાળવવાનો રહેશે.

૬. સુચિત યોજના વિસ્તારમાં આવતી સરકારી જમીનોની ખાનગી જમીનોની જેમ સમાન ધોરણે કપાત કરી, તેની સામે સ્વતંત્ર અંતિમખંડની ફાળવણી કરવાની રહેશે.

૭. શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તા.૨૮/૧૧/૨૦૧૬ ના પરિપત્ર ક્રમાંક: નરય-૧૦૨૦૧૬-૩૫૩૬(૨)-લ નું ચુસ્ત પાલન કરવાનું રહેશે.

બિડાણ: ઉપર મુજબ

આપનો વિશ્વાસુ,

મુખ્ય નગર નિયોજક
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

નકલ રવાના, પ્રતિ,

નગર નિયોજકશ્રી, સુરત શાખા કચેરી, સુરત તરફે જાણ સારૂ.